ગુજરાત સરકાર

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૫-૧૦-૨૦૧૫

અધિસૂચના

ક્રમાંક:એસએલઇ/૧૦૨૦૧૪/૧/ભાગ-૩/ઇ-૨.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હેઠળ ફરજો બજાવતા નિમ્ન નિર્દિષ્ઠ પત્રકના આસન નં.૨ માં દર્શાવેલ મદદનીશ ઇજનેર(સીવીલ), અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) ને તેમનાથી કોઇ સીનીયર હોય તો તેમની સીનીયોરીટીના હકકો પ્રત્યે કોઇપણ પૂર્વગ્રહ વિના તદ્દન હંગામી ધોરણે નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ), વર્ગ-૨ માં (પગાર ધોરણ રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે ૫૪૦૦) બઢતી આપીને તેમના નામ સામે આસન નં-૪ માં દર્શાવેલ વર્તુળ / કચેરી હેઠળ નિમણૂક આપવામાં આવેલ છે.

| અ.નં. | મદદનીશ ઇજનેર / અધિક મદદનીશ ઇજનેર(સીવીલ) નું નામ | હાલની ફરજની કચેરી / સ્થળ | નાયબ કાર્યપાલક ઇજનેર (સીવીલ) તરીકે બઢતીથી નિમણૂકની જગ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| **મદદનીશ ઇજનેર(સીવીલ)** | | | |
| ૧ | શ્રી મંજુલકુમાર પાંડે | સરદાર સરોવર પુન વસવાટ એજન્સી, વડોદરા | સ.સ.ન.નિ.લિ. ખાતે પ્રતિનિયુકિત |
| ૨ | શ્રી મુકેશ અરજણભાઈ જાવિયા | રાજકોટ સિંચાઇ વર્તુળ, રાજકોટ | રાજકોટ સિંચાઇ વર્તુળ, રાજકોટ |
| ૩ | શ્રી તુલસીદાસ શ્રીચંદ મોટવાણી | ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ , રાજકોટ | સ.સ.ન.નિ.લિ. ખાતે પ્રતિનિયુકિત |
| ૪ | શ્રી નારાયણ રાઘવજીભાઈ કલોલા | સ.સ.ન.નિ.લિ. | સ.સ.ન.નિ.લિ. ખાતે પ્રતિનિયુક્તિ |
| ૫ | દિનેશ મણીલાલ પટેલ | સ.સ.ન.નિ.લિ. | સ.સ.ન.નિ.લિ. ખાતે પ્રતિનિયુકિત |
| ૬ | શ્રી નવિનકુમાર ભારદ્વાજ | વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ | દમણગંગા યોજના વર્તુળ, વલસાડ |
| **અધિક મદદનીશ ઇજનેર(સીવીલ)** | | | |
| ૭ | શ્રી અજયકુમાર છગનલાલ બારીયા | જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી,મહીસાગર | સ.સ.ન.નિ.લિ. ખાતે પ્રતિનિયુકિત |

ઉપર્યુકત નિમણૂકો નીચેની શરતોને આધીન રહેશે.

૨. ઉપરોકત હંગામી બઢતીઓ નામદાર સુપ્રિમ કોર્ટ/ગુજરાત વડી અદાલતમાં પડતર ખાસ દિવાની અરજીઓ તેમજ અન્ય અદાલતોમાં પડતર કોઈપણ દિવાની અરજીઓમાં નામદાર સુપ્રિમ કોર્ટ, ગુજરાત વડી અદાલત તેમજ અન્ય અદાલતોના ચુકાદાઓને આધિન રહેશે.

૩. રોસ્ટર અનુસાર નાયબ કાર્યપાલક ઇજનેર(સીવીલ) સંવર્ગમાં અનુસુચિત જનજાતિ / અનુસુચિત જાતિની જગ્યાઓની ઘટ અન્વયે પ્રસ્તુત જગ્યાના ભરતી નિયમોના રેશીયો અનુસાર ભવિષ્યમાં અનુસુચિત જનજાતિ / અનુસુચિત જાતિના અધિકારીઓ ઉપલબ્ધ થયેથી બઢતીવાળા ઉકત અધિકારીઓ પૈકી તદઅનુસાર અધિકારીઓને તેમની મૂળ જગ્યા પર પરત હટાવવાની શરતે બઢતી આપવામાં આવે છે.

૪.	મદદનીશ ઈજનેર(સીવીલ), અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) અને ઓવરશીયર (સીવીલ)શ્રીઓને બઢતી આપીને જે વર્તુળ કચેરી હસ્તક ફાળવવામાં આવે છે. તેઓના વિગતવાર નિયુકિતના હુકમો સબંધિત વર્તુળ/કચેરીએ કરવાના રહેશે તેઓના નિમણૂકના હુકમમાં સબંધિત કર્મચારી / અધિકારીના વતનના તાલુકામાં મૂકવાના રહેશે નહિ. વિગતવાર નિમણૂકના હુકમો દિન-૭માં કરી હુકમની એક નકલ વિભાગને તુરતજ મોકલવાની રહેશે.

૫.	સંબંધકર્તા મદદનીશ ઈજનેર(સીવીલ), અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) અને ઓવરશીયર (સીવીલ)શ્રીઓએ વિગતવાર નિમણૂકની જગ્યાએ દિન-૭માં હાજર થવાનુ રહેશે. જો નિયત સમય મર્યાદામાં હાજર નહિ થાય તો તેમના બઢતીના હુકમો આપોઆપ રદ થયેલા ગણવામાં આવશે, તેમજ તેઓ નિયત સમય મર્યાદા પછી બઢતીની જગ્યાએ હાજર થશે તો બઢતીના સંવર્ગમાં પ્રવરતા ગુમાવશે.

૬.	સબંધિત મદદનીશ ઈજનેર(સીવીલ), અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) અને ઓવરશીયર (સીવીલ)શ્રીઓને બઢતીની જગ્યાએ હાજર થવા તાત્કાલિક ફરજમુકત કરવાના રહેશે અને તેઓને છૂટા કર્યાની તથા તેઓને હાજર કર્યાની જાણ તુરત જ વિભાગને કરવાની રહેશે.

૭.	જે મદદનીશ ઈજનેર(સીવીલ), અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) અને ઓવરશીયર (સીવીલ)શ્રીઓને સરદાર સરોવર નર્મદા નિગમ લિ. ગાંધીનગર હેઠળ પ્રતિનિયુકિતના ધોરણે નિયુકિત આપવામાં આવેલ છે તેઓના વિગતવાર નિયુકિતના હુકમો નિગમે કરવાના રહેશે અને તેની જાણ આ વિભાગને તેમજ સબંધિત મદદનીશ ઈજનેર(સીવીલ), અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) અને ઓવરશીયર (સીવીલ)શ્રીઓને તેમના સબંધિત વર્તુળ મારફતે કરવાની રહેશે.

૮.	મદદનીશ ઈજનેર(સીવીલ), અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) અને ઓવરશીયર (સીવીલ)શ્રીઓને બઢતી મળ્યેથી માંગણીવાળા સ્થળે જવા રજુઆત કરેલ હોય અને તેવી જગ્યા ખાલી હોય અને ત્યાં મૂકવામાં આવે તો તેવી નિમણૂક સ્વવિનંતીથી થયેલ ગણાશે, અને તેઓને બદલી મુસાફરી ભથ્થુ અને ફરજ પર હાજર થવાનો સમય મળશે નહિ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હેમેશ મારડીયા
નાયબ સચિવ
નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

---

ક્રમાંક:એસએલએસ/૧૦૨૦૧૪/૧/ભાગ-૨/ઈ-૨.

ગુજરાત સરકાર
નર્મદા,જળ સંપત્તિ, પાણી પુરવઠા અને
કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૫-૧૦-૨૦૧૫

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(જ.સં)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ(પત્ર દ્વારા)
- સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશ, ન.જ.સં.પા.પુ. અને વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- આસી.જનરલ મેનેજરશ્રી(પર્સોનલ), સરદાર સરોવર નર્મદા નિગમ લિ.
- કમિશ્નરશ્રી ,સરદાર સરોવર પુન વસવાટ એજન્સી, વડોદરા
- રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ.
- જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી,મહીસાગર
- અધીક્ષક ઈજનેરશ્રી, ક્ષાર પ્રવેશ નિવારણ વર્તુળ , રાજકોટ.
- અધીક્ષક ઈજનેરશ્રી, વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ, વડોદરા.
- અધીક્ષક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ, વલસાડ.
- અધીક્ષક ઈજનેરશ્રી, રાજકોટ સિંચાઈ વર્તુળ, રાજકોટ.
- જીલ્લા તિજોરી, અધિકારીશ્રી , રાજકોટ , વલસાડ

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સબંધિત અધિકારી / કર્મચારીશ્રી મારફત સબંધિત વર્તુળ / કચેરી.
- મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર(આ અધિસુચના સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા અને તેની પાંચ નકલો આ વિભાગને મોકલવાની વિનંતી સહ).
- સેકશન અધિકારીશ્રી,ઇ ઈ-૩, ઈ-૪, ઈ-૪.સેલ, ઈ-૫, ઈ-૬ અને ગ-૨ શાખા, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઈલ
- પસંદગી ફાઈલ.

(કે.બી. મકવાણા)
સેકશન અધિકારી
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ / રાજકોટ.
- સબંધિત અધિકારી / કર્મચારીશ્રી મારફત સબંધિત વર્તુળ / કચેરી.
- મેનેજરશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર(આ અધિસુચના સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા અને તેની પાંચ નકલો આ વિભાગને મોકલવાની વિનંતી સહ).
- સેકશન અધિકારીશ્રી,ઇ ઇ-૩, ઇ-૪, ઇ-૪.સેલ, ઇ-૫, ઇ-૬ અને ગ-૨ શાખા, ન.જ.સં.પા.પુ. અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ
- પસંદગી ફાઇલ.

(કે.બી. મકવાણા)
સેકશન અધિકારી
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ